પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૯૫ | ૧૫ જુન, ૨૦૨૨, બુધવાર; જયેષ્ઠ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# દેશમાં જથ્થાબંધ ફુગાવો ૧૫.૮૮ના રેકોર્ડ સ્તરે

## વ્યાજદરની નીતિ હવે ભારત સહિત વિશ્વને પરેશાન કરી રહી છે : મોંઘવારીનો દર ૪૦ વર્ષની નવી ટોચે પહોંચ્યા બાદ ભારતમાં આવેલ જથ્થાબંધ મોંઘાવરીના આંકડાએ સામાન્ય જનતાને રડાવ્યા છે



નવી દિલ્હી , તા.૧૪

કોરોના મહામારીમાં અર્થતંત્રને બચાવવા માટે શરૂ કરવામાં આવેલ અલ્ટ્ર લુઝ મોનિટરી પોલિસી એટલે કે સસ્તા વ્યાજદરની નીતિ હવે ભારત સહિત વિશ્વને પરેશાન કરી રહી છે. અમેરિકામાં આ સપ્તાહે આવેલ આંકડા અનુસાર મોંઘવારીનો દર ૪૦ વર્ષની નવી ટોચે પહોંચ્યા બાદ ભારતમાં પણ આજે આવેલ જથ્થાબંધ મોંઘાવરીના આંકડાએ સામાન્ય જનતાને રડાવ્યા છે અને સરકાર તથા આરબીઆઈની ચિંતામાં વધારો કર્યો છે.

દેશમાં મે મહિનામાં જથ્થાબંધ ફુગાવો નવી ટોચે પહોંચ્યો છે. કોમર્સ મિનિસ્ટ્રીના આંકડા અનુસાર હોલસેલ પ્રાઈસ ઈન્ડેકસ મે મહિનામાં ૧૫.૮૮%ના રેકોર્ડ સ્તરે પહોંચી છે. એપ્રિલ, ૨૦૨૨માં ડબલ્યુપીઆઈ ઈન્ડેકસ ૧૫.૦૮% હતો અને મે, ૨૦૨૧માં ૧૩.૧૧% હતો. ચોંકાવનારી વાત એ છે કે સતત બે મહિના આરબીઆઈ દ્વારા વ્યાજદરમાં વધારો કરીને રેપોરેટ ૦.૯૦%નો વધારો કરવા છતા જથ્થાબંધ ભાવાંક સતત ૧૪મા મહિને ડબલ ડિજિટમાં એટલેકે ૧૦%ની ઉપર રહ્યું છે.કોરોના મહામારીમાં અર્થતંત્રને બચાવવા માટે શરૂ કરવામાં આવેલ અલ્ટ્ર

● અનુસંધાન પાન-૭ પર

# ઓટો ડેબિટનો બાઉન્સ રેટ ૩૮ મહિનાની સૌથી નીચી સપાટીએ

## મેમાં ઓટો ડેબિટ બાઉન્સ રેટ ઘટીને મૂલ્યની રીતે ૨૨ ટકા નોંધાયો છે, જે એપ્રિલની તુલનાએ અડધા ટકા ઓછો છે

મુંબઈ, તા.૧૪

મોંઘવારી, મંદી અને વધી રહેલા વ્યાજદરો વચ્ચે પણ ઓટો ડેબિટનો બાઉન્સ રેટ મે મહિનામાં ઘટીને ૩૮ મહિનાની સૌથી નીચી સપાટીએ ઉતરી ગયો છે જે આશ્ચર્યજનક બાબત છે.

નેશનલ ઓટોમેટેડ ક્લિયરિંગ હાઉસના આંકડાઓ મુજબ મે મહિનામાં ઓટો ડેબિટ બાઉન્સ રેટ ઘટીને મૂલ્યની રીતે ૨૨ ટકા નોંધાયો છે, જે એપ્રિલની તુલનાએ અડધા ટકા ઓછો છે અને એપ્રિલ ૨૦૧૯ પછીના સૌથી નીચા સ્તરે છે. કોરોના મહામારી પૂર્વે સરેરાશ બાઉન્સ રેટ મૂલ્યની રીતે ૨૪-૨૫ ટકા રહેતો હતો. તો વોલ્યૂમની દ્રષ્ટિએ ઓટો ડેબિટ બાઉન્સ રેટ મે મહિનામાં ઘટીને ૨૯ ટકા નોંધાયો છે, જે ૩૩ મહિનામાં સૌથી નીચો અને એપ્રિલની તુલનાએ ૦.૮૭ ટકા ઓછો છે. કોરોના મહામારીની પહેલા વોલ્યૂમની રીતે સરેરાશ બાઉન્સ રેટ ૩૦થી ૩૧ ટકા રહેતો હતો.

ફાઈનાન્સિયલ માર્કેટના જાણકારોનું કહેવુ છે કે, માર્ચ ૨૦૨૨માં આશ્ચર્યજનક વૃદ્ધિ બાદ બાઉન્સ રેટમાં સુધારાના સંકેત મળી રહ્યા છે અને ચાલુ નાણાંકીય વર્ષે પેમેન્ટ ડિફોલ્ટની ઘટનાઓ ઘટશે.

ઉપરાંત નાણાંકીય વર્ષ ૨૦૨૨ના ચોથા ત્રિમાસિકના રેવન્યૂ ડેટાથી જાણવા મળ્યુ છે કે બેક્રો અને ફાઈનાન્સ કંપનીઓની એસેટ્સ ક્વોલિટીની પણ ચિંતા પણ હળવી થઈ રહી છે હવે તેઓ વૃદ્ધિ



પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. રિપોર્ટમાં જણાવાયુ છે કે, મોંઘવારીનું દબાણ, ઉત્પાદન ખર્ચમાં વૃદ્ધિ અને બેન્ચમાર્ક વ્યાજદરોમાં અચાનક વધારાને જોતા લોન એસેટ્સ ક્વોલિટી પણ નજર રાખવી પડશે.

રિઝર્વ બેક્કે છેલ્લા બે મહિનામાં મોંઘવારીને અંકુશમાં રાખવા માટે રેપોરેટમાં કુલ ૦.૯૦ ટકાનો વધારો કર્યો છે. તેના પગલે બેક્રોએ પણ તમામ લોનના વ્યાજદર વધારી દીધા છે.

# કાશ્મીરમાં ૫.૧ની તીવ્રતાના ભૂકંપના આંચકા

## ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાન-તાજિકિસ્તાનમાં : ગયા મહીને હિમાચલ પ્રદેશમાં ૩.૫ની તીવ્રતાના અને અરુણાચલમાં ૪.૨ની તીવ્રતાના આંચકા અનુભવાયા હતા

શ્રીનગર, તા.૧૪

જમ્મુ કાશ્મીરમાં આજે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તેની તીવ્રતા ૫.૧ માપવામાં આવી હતી. આ ભૂકંપ બપોરે ૧:૫ વાગ્યે આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાન-તાજિકિસ્તાનમાં હતું. હાલમાં રાહત એ છે કે, આ ભૂકપના કારણે કોઈ મોટી જાનહાનિના સમાચાર નથી આવ્યા. ભૂકંપ વિજ્ઞાન માટે બનેલું રાષ્ટ્રીય કેન્દ્રએ પણ તેના પર ટ્વીટ કર્યું છે. ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાન-તાજિકિસ્તાનમાં હતું પરંતુ બાદમાં તેના આંચકા જમ્મુ કાશ્મીર સુધી અનુભવાયા હતા. ભારતની વાત કરીએ તો ગયા મહીને પણ ભૂકંપ આવ્યો હતો. તેમાં હિમાચલ પ્રદેશ (૩.૫ની તીવ્રતા), અરુણાચલ પ્રદેશ (૪.૨ની તીવ્રતા)માં આંચકા અનુભવાયા હતા. ધરતીની અંદર ૭વ પ્લેટ્સ એવી હોય છે જે સતત ફરતી રહે છે. આ પ્લેટ્સ જે સ્થળો પર વધુ અથડાઈ છે તેને ફોલ્ટ લાઈન ઝોન કહેવામાં આવે છે. વારંવાર અથડામણને કારણે પ્લેટોના ખૂણાઓ વળી જાય છે. જ્યારે પ્રેશર વધે છે ત્યારે પ્લેટ તૂટવા લાગે છે.

### કેન અને બેટવા નદીના જોડાણ માટેની કામગીરી શરૂ

# બંને નદીઓના જોડાણથી ધારણા કરતા માઠા પરિણામની ચેતવણી

## નદીઓના જોડાણના લીધે ચોમાસા ઉપર, જૈવવિવિધતા અને સામાજિક અને આર્થિક પરિબળો ઉપર અસર થશે

નવી દિલ્હી, તા.૧૪

બુંદેલખંડ વિસ્તારમાં કેન અને બેટવા નદીના જોડાણ માટે સરકારે કામગીરી શરૂ કરી છે.



આ કામગીરી સમયે જ વિવિધ નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે નદીઓના જોડાણના કારણે ધારણા કરતા ઘણા મોટા અને માઠા પરિણામ આવી શકે છે.

નદીઓના જોડાણના લીધે ચોમાસા ઉપર, જૈવવિવિધતા અને સામાજિક અને આર્થિક પરિબળો ઉપર ભારે ખરાબ પરિણામ આવી શકે એવું નિષ્ણાતોનું કહેવું છે. રાષ્ટ્રીય નદી જોડાણ યોજના હેઠળ પ્રથમ પ્રોજેક્ટ તરીકે બુંદેલખંડની કેન અને બેટવા નદીઓને જોડવાનું આયોજન છે.

આ યોજના હેઠળ મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશની ૧૧ લાખ હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળશે એવી સરકારની ધારણા છે. જે નદીમાં વધારે પાણી હોય કે પુર હોય તેનું પાણી જ્યાં અછત હોય એવી નદીમાં ત્બ્લીક કરવાની સરકારની આ યોજના છે.

યુમના જીયે અભિયાનના સંયોજક મનોજ મિશ્રા જણાવે છે કે આ રીતે નદીઓના જોડાણથી જે જોખમો ઉભા થવાના છે તેની અત્યારે કલ્પના કરવી પણ મુશ્કેલ છે. “કેન અને બેટવા નદીના ઉદગમસ્થાન અલગ અલગ છે. કેન નદીમાં એક ખાસ પ્રકારની માછલી મળે છે જેનો ઔષધમાં ઉપયોગ થાય છે અને તે અહી જ મળે છે. જો બેટવામાં કેનનું પાણી તબદીલ કરવામાં આવે તો આ માછલી કઈ રીતે જીવશે. આવી જ રીતે અન્ય જીવો સામે પણ જોખમ થઈ શકે છે.

# દેશમાં દોઢ વર્ષમાં ૧૦ લાખને નોકરી : મોદી

## તમામ વિભાગો અને મંત્રાલયોમાં મિશન મોડમાં આ ભરતી કરવાનું જણાવ્યું, સૂત્રો મુજબ, સરકારી વિભાગોમાં લાખો પદ ખાલી પડ્યા છે : ખાલી જગ્યામાં ભરતીનો મોદીનો નિર્દેશ

નવી દિલ્હી, તા.૧૪

નોકરી શોધી રહેલા યુવાનો માટે ખુશખબર છે. મોદી સરકાર આગામી દોઢ વર્ષમાં બંપર નોકરીઓ આપવા જઈ રહી છે. આ દરમિયાન મોદી સરકારની ૧૦ લાખ લોકોની ભરતી કરવાની યોજના છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાતે આ જાહેરાત કરી છે.પીએમ મોદીએ કહ્યુ કે તેમણે તમામ વિભાગો અને મંત્રાલયોમાં ખાલી પડેલા પદોની સમીક્ષા કરતા આગામી દોઢ વર્ષમાં ૧૦ લાખ લોકોની ભરતી કરવાનો નિર્દેશ આપ્યો છે. તેમણે મિશન મોડમાં આ ભરતી કરવાનું જણાવ્યુ છે. સૂત્રો મુજબ, સરકારી વિભાગોમાં લાખો પદ ખાલી પડ્યા છે.કેન્દ્ર સરકાર આજથી સેનામાં એક નવી વ્યવસ્થા લૉન્ચ કરવા જઈ રહી છે. સરકાર 'ટૂર ઓફ ડ્યુટી' સિસ્ટમની જાહેરાત કરશે. જેને 'અગ્નિપથ' નામ આપવામાં આવ્યું છે. નવી વ્યવસ્થા હેઠળ ભરતી થનારા સૈનિકોને 'અગ્નિવીર' તરીકે સંબોધિત કરાશે. 'અગ્નિપથ' સિસ્ટમ હેઠળ સૈનિકોની ભરતી ૪ વર્ષ માટે થશે. ૪ વર્ષ પૂરા થયા પછી તેઓને ૧૦ લાખ રૂપિયા ટેક્સ-ફ્રી મળશે. 'અગ્નિવીર'ને તેઓની સેવા માટે સર્ટિફિકેટ્સ અને ડિપ્લોમા પણ



આપવામાં આવશે. નવી સ્કીમ હેઠળ શરૂઆતનો પગાર મહિને રૂપિયા ૩૦,૦૦૦ હશે જે ૪ વર્ષ પૂરા થતાં ૪૦,૦૦૦ સુધી પહોંચી જશે. સરકાર આ પગારનો ૩૦ ટકા હિસ્સો 'બચત' રૂપે રાખશે અને તેટલા જ 'સેવા નિધિ'માં જમા કરશે. બાકીના ૭૦ ટકા સેલરી ખાતામાં ક્રેડિટ થશે. એક સૈનિકને ૪ વર્ષની સર્વિસ પછી ૧૦થી ૧૨ લાખ રૂપિયા મળશે જે ટેક્સ ફ્રી હશે.સૂત્રોના જણાવ્યા મુજબ, પ્રથમ રાઉન્ડમાં સેનાના ૪૦ હજાર પદ ભરવામાં આવશે. સેનામાં ૨ વર્ષથી ભરતી થઈ નથી. સરકારી આંકડા મુજબ, માત્ર રેલવેમાં જ લગભગ ૩ લાખ પદ ખાલી પડ્યા છે. તે રીતે પોસ્ટ વિભાગમાં પણ આશરે ૯૦ હજાર પદ ખાલી છે. રેવન્યુ વિભાગમાં આશરે ૭૫ હજાર પદ ખાલી છે.

સિવિલમાં લગભગ દોઢ લાખ પદ ખાલી છે. આ રીતે હોમ મિનિસ્ટ્રીમાં પણ આશરે ૧ લાખ ૩૦ હજાર પદ ખાલી છે

### ‘અગ્નિપથ ભરતી યોજના’ અંતર્ગત

# સેનામાં યુવકોની ચાર વર્ષ માટે ભરતી કરાશે

## પ્રોજેક્ટથી સેનાને કરોડો રૂપિયાની બચત થઈ શકશે, એક તરફ ઓછા લોકોને પેન્શન આપવું પડશે તો બીજી તરફ પગારમાં પણ બચત થશે

નવી દિલ્હી , તા.૧૪

નરેન્દ્ર મોદીના નેતૃત્વ વાળી કેન્દ્ર સરકારે સેનામાં સુધારો કરવાને લઈને મોટા બદલાવની માટે રક્ષામંત્રી રાજના સિંહે આજે 'અગ્નિપથ ભરતી યોજના'નું એલાન કર્યું છે. રાજનાથ સિંહે જણાવ્યું કે, અગ્નિપથ ભરતી યોજના હેઠળ સેનામાં ૪ વર્ષ માટે યુવાનોની ભરતી કરવામાં આવશે. આ સાથે જ તેમને નોકરી છોડતી વખતે સર્વિસ ફંડ પેકેજ પણ મળશે. આ યોજના હેઠળ સેનામાં સામેલ થતા યુવાનોને અગ્નિવીર કહેવામાં આવશે.

અગ્નિપથ યોજનાની મહત્વની બાબતોઃ યુવાનોને ૪ વર્ષ માટે સેનામાં ભરતી કરવામાં આવશે. આ દરમિયાન અગ્નિવીરોને આકર્ષક વેતન મળશે. સેનાની ૪ વર્ષની નોકરી બાદ યુવાનોને ભવિષ્ય માટે વધુ અવસર આપવામાં આવશે. ૪ વર્ષની નોકરી બાદ સર્વિસ ફંડ પેકેજ મળશે. આ યોજના હેઠળ ભરતી કરાયેલા મોટા ભાગના જવાનોને ૪ વર્ષ બાદ સેવા મુક્ત કરી દેવામાં આવશે. જોકે, કેટલાક જવાનો પોતાની નોકરી ચાલુ રાખી શકશે. ૧૭.૫ વર્ષથી ૨૧ વર્ષના યુવાનોને તક મળશે. તાલીમ ૧૦ અઠવાડિયાથી ૬ મહિનાની હશે.

# રશિયાએ ક્રૂડ ઓઈલ વેચીને ૧૦૦ અબજ ડોલરની કમાણી કરી

## યુક્રેન સાથેના યુધ્ધને લીધે રશિયા પર અનેક પ્રકાર ના પ્રતિબંધ લદાયા છે : રશિયન ક્રૂડની નિકાસ ચોક્કસ ઘટી છે પણ તેનાથી રશિયા ઉપર આર્થિક બોજ વધ્યો નથી

લંડન , તા.૧૪

રશિયાએ ફેબ્રુઆરીમાં યુક્રેન ઉપર યુધ્ધ શરૂ કર્યુ એ પછી અમેરિકા, યુરોપ અને અન્ય દેશોએ એક પછી એક પ્રતિબંધ લાદી રશિયાને આર્થિક રીતે પાયમાલ કરવા માટેના પગલાંની જાહેરાત કરી હતી. ત્યાં સુધી કે તેને આંતરરાષ્ટ્રીય પેમેન્ટ સિસ્ટમથી કાઢી મૂક્યું હતું અને કમાણી માટેના સૌથી મોટા સ્ત્રોત એવા ક્રૂડ ઓઈલ નહિ ખરીદવાની જાહેરાત કરી હતી.આમ છતાં, યુદ્ધના ૧૦૦ દિવસ દરમિયાન રશિયાએ ક્રૂડ ઓઈલ વેંચી ૧૦૦ અબજ ડોલરની કમાણી કરી હોવાનો દાવો એક અહેવાલ ખાનગી રિસર્ચ એજન્સીએ કરેલા રિસર્ચમાં થયો છે!સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એર (ક્રિયા) નામની સંસ્થા જણાવે છે કે રશિયન ક્રૂડની નિકાસ ચોક્કસ ઘટી છે પણ તેનાથી રશિયા ઉપર આર્થિક બોજ વધ્યો નથી. યુક્રેન સામેના યુદ્ધમાં રશિયા દૈનિક ૮૮ કરોડ ડોલરનો ખર્ચ કરી રહ્યું છે સામે દૈનિક એક અબજ ડોલરની કમાણી તેને ક્રૂડ નિકાસથી થઈ રહી છે.ક્રિયા જણાવે છે કે નિકાસ ઉપર પ્રતિબંધ ચોક્કસ છે પણ તેમાં છીંડા છે. બ્રિટન અને યુરોપીયન સંઘ હજુ પણ રશિયા ઉપર એનર્જી માટે નિર્ભર છે. આ વર્ષના અંતે યુરોપ પૂર્ણ રીતે રશિયન ક્રૂડની આયાત બંધ કરશે પણ તેનો વિકલ્પ હજુ તૈયાર નથી.

યુક્રેન યુધ્ધ પહેલા ભારતની ક્રૂડની આયાતમાં રશિયાનો હિસ્સો ૧ ટકા હતો જે હવે વધી ૧૮ ટકા થયો છે. ભારતમાં આ ક્રૂડ રિફાઈન થઈ ફરી અમેરિકા અને યુરોપમાં પેટ્રોલ, ડીઝલ તરીકે પ્રવેશે છે એટલે પ્રતિબંધની રશિયા ઉપર અસર નથી અને તેની આવકમાં કોઈ મોટો ઘટાડો જોવા મળ્યો નથી, એમ આ રિસર્ચ નોંધે છે.

# ડ્રગ્સ કેસમાં સિધ્ધાંત કપૂર જામીન પર મુક્ત

મુંબઈ, તા.૧૪

સોમવારે ડ્રગ્સ માટેનો બ્લડ રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ ધરપકડ કરાયેલા સિદ્ધાંત કપૂરને જામીન પર મુક્ત કરવામાં આવ્યો હતો. રવિવારે મોડી રાતે રેવ પાર્ટીમાંથી સિદ્ધાંત કપૂરની અન્ય કેટલાક શખ્સ સાથે અટકાયત કરવામાં આવી હતી અને સોમવારે રિપોર્ટ પોઝિટિવ આવતાં ધરપકડ કરાઈ હતી. પોલીસના જણાવ્યા પ્રમાણે, સિદ્ધાંત કપૂરની સાથે અન્ય ચાર લોકોને પણ સ્ટેશન બેઈલ પર છોડવામાં આવ્યા હતા. સિદ્ધાંત કપૂર અને અન્ય ચારને જ્યારે પણ પોલીસ બોલાવે ત્યારે હાજર રહેવું પડશે, તેમ ડીસીપી ઈસ્ટ બેંગાલુરુના ડીપીસી ભીમશંકર ગુલેડે કહ્યું હતું. પોલીસે બાતમીના આધારે જ્યારે બેંગાલુરુના એમજી રોડ પર આવેલી પોશ હોટેલમાં જ્યારે દરોડા પાડ્યા ત્યારે સિદ્ધાંત કપૂર ડ્રગ્સ લઈ રહ્યો હતો.

સોમવારે ધરપકડ બાદ બેંગાલુરુ શહેર પોલીસના ડેપ્યુટી કમિશનર (ઈસ્ટ) ભીમશંકર એસ. ગુલેડે જણાવ્યું હતું કે 'સિદ્ધાંત કપૂરના મેડિકલ રિપોર્ટમાં તેણે ડ્રગ્સ લીધું હોવાનો ખુલાસો થયો હતો. અમે તેની ધરપકડ કરી લીધી છે અને આગળની પ્રક્રિયા ચાલી રહી છે. અમે તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલીશું'.

# મધ્ય પ્રદેશમાં ત્રણ વિપક્ષી ધારાસભ્યો ભાજપમાં જોડાયા

## રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલાં વિપક્ષને મોટો આંચકો : ત્રણ ધારાસભ્યોના બીજેપીમાં સામેલ થતા રાષ્ટ્રપતિ ચૂંટણીમાં મધ્યપ્રદેશથી ભાજપ સમર્થિત વોટ વેલ્યુ વધશે

ભોપાલ, તા.૧૪

રાષ્ટ્રપતિ ચૂંટણી પહેલા મધ્ય પ્રદેશમાં મંગળવારે રાજકીય હલચલ તેજ થઈ ગઈ હતી. રાષ્ટ્રપતિ ચૂંટણીમાં મધ્યપ્રદેશમાં ભાજપ સમર્થિત વોટરોની સંખ્યા વધારવા માટે બીજેપી મોટો દાવ રમી છે. છતરપુર જિલ્લાની બિજાવર વિધાનસભા બેઠક પરથી સપા ધારાસભ્ય રાજેશ કુમાર શુક્લા, ભિંડથી બસપા ધારાસભ્ય સંજીવ સિંહ કુશવાહા અને અપક્ષ ધારાસભ્ય રાણા વિક્રમ સિંહ આજે બીજેપીમાં જોડાયા છે. તેઓને મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે બીજેપીની સદસ્યતા અપાવી છે. રાષ્ટ્રપતિ ચૂંટણીની નોટિફિકેશન બુધવારે જાહેર થઈ રહી છે. ૩ ધારાસભ્યોના બીજેપીમાં સામેલ થતા જ રાષ્ટ્રપતિ ચૂંટણીમાં મધ્યપ્રદેશથી ભાજપ સમર્થિત વોટ વેલ્યુ વધી જશે અને આ સંખ્યા ૨૬૨ થઈ જશે.

આ તક પર ધારાસભ્ય સંજીવ કુશવાહાએ કહ્યું કે, હું ભટકી ગયો હતો પરિવારમાં આવવાથી આનંદ છે. ક્ષેત્રના વિકાસ માટે આ પાર્ટીમાં આવ્યો છું. ધારાસભ્ય રાજેશ શુક્લાએ કહ્યું કે, વર્ષ ૨૦૧૮માં બીજેપીથી ચૂંટણી લડવાની ઈચ્છા હતી. બુંદેલખંડ પછાત છે એટલા માટે તેના વિકાસ માટે પાર્ટીમાં સામેલ થયો છું. પાર્ટીથી કોઈ અસંતુષ્ટ નથી. રાણા વિક્રમ સિંહે કહ્યું કે, ૨૦૧૮માં જ્યારે અપક્ષ તરીકે જીત્યો હતો ત્યારે પણ બીજેપીમાં જોડાવા માંગતો હતો. ૧૫ મહીના કમલનાથ સરકાર સાથે રહ્યો. બીજેપીની સરકારમાં વધુ વિકાસ થયો છે.